ઉત્તર અને પૂર્વ ભારત કાતિલ ઠંડીના સકંજામાં

૪૦ના મોત : જનજીવન ખોરવાયું : ટ્રેન અને વિમાની સેવાને અસર

નવી દિલ્હી,તા. ૨૮

ઉત્તર અને પૂર્વ ભારત કાતિલ ઠંડીના સકંજામાં આવી ગયું છે. લોકોને તીવ્ર ઠંડીનો સામનો કરવો પડી રહ્યો છે. ઠંડીથી બચવા માટે જુદા જુદા વિકલ્પોનો પ્રયોગ કરવામાં આવી રહ્યો છે. કાતિલ ઠંડીના કારણે હજુ સુધી ૪૦થી વધુ લોકોના મોત થઈ ચૂક્યા છે. આજે સવારે અહેવાલમાં જણાવવામાં આવી રહ્યું હતું કે ઉત્તર ભારત અને પૂર્વ ભારતમાં કાતિલ ઠંડીના કારણે ધુમ્મસની ચાદર સવારમાં ફેલાઈ ગઈ હતી જેથી ટ્રેન અને વિમાની સેવાને માઠી અસર થઈ હતી. તીવ્ર ઠંડીના લીધે જનજીવનને પણ અસર થઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં એકલા ઉત્તર પ્રદેશમાં ઓછામાં ઓછા ૩૦ લોકોના મોત થઈ ગયા છે. શ્રીનગરથી પ્રાપ્ત અહેવાલ મુજબ કારગીલ, દ્રાસ અને ગુલમર્ગ વિસ્તારોમાં ભારે હિમવર્ષા થઈ છે. કાશ્મીર ખીણના ઉંચાણવાળા વિસ્તારોમાં ભારે હિમવર્ષાના કારણે ચારેબાજુ બરફની ચાદર છવાઈ ગઈ છે. વહેલી સવારે અંકુશરેખા નજીકના વિસ્તારોમાં ૭૦ સીએમ જેટલો બરફ પડ્યો હતો. જ્યારે ગુરેજમાં ૮૬ સીએમ, દ્રાસમાં ૨૦, ગુલમર્ગમાં ૨૧ અને કારગીલ શહેરમાં છ સીએમ જેટલો બરફ પડ્યો હતો. કારગીલ, ગુલમર્ગમાં હજુ પણ હિમવર્ષા થઈ રહી છે. પહેલગામમાં માઈનસ ૦.૨ ડિગ્રી, ગુલમર્ગમાં માઈનસ ૪.૪, કારગીલમાં માઈનસ૯.૬, લેહમાં માઈનસ ૮.૬ ડિગ્રી તાપમાન નોંધાયુ છે. ઉત્તર કાશ્મીરમાં ગુલમર્ગ સ્કી રિસોર્ટમાં તમામ હોટલો હાઉસફુલ થઈ ગઈ છે. ઉત્તર પ્રદેશમાં પારો ચાર ડિગ્રી સુધી નીચે પહોંચી ગયો છે. રાજયના ઘણા ભાગોમાં ધુમ્મસની સ્થિતિ પણ જોવા મળી રહી છે. ઉત્તર પ્રદેશ સરકારે સાવચેતીના પગલાંરૂપે ગરીબ અને ઘર વગરના

લોકોમાં વિતરણના ભાગરૂપે ધાબળાઓ માટે ૧૫ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે. જો કે આ પ્રક્રિયા ઘણા જિલ્લાઓમાં હજુ પણ શરૂ થઈ નથી. ઉત્તર પ્રદેશ સરકારે ઘર વગરના લોકો માટે આશ્રયની સુવિધાની પણ જાહેરાત કરી છે. સાથે સાથે લાકડાઓ ઉપલબ્ધ કરાવવાની પણ વાત કરવામાં આવી છે. ઉત્તર પ્રદેશમાં ૧૭ કામચલાઉ આવાસ ઊભા કરવામાં આવ્યા છે. ગઈકાલે બિહારમાં પણ ૧૧ લોકોના મોત થઈ ગયા હતા.

આની સાથે જ રાજયમાં આ વર્ષે મોતનો આંકડો વધીને ૧૮ ઉપર પહોંચી ગયો છે. મોટાભાગના લોકોના મોત બુધવાર અને ગુરુવારે થયા હતા. જયારે ઉત્તર પ્રદેશના ભડોહીમાં પાંચ લોકોના મોત થયા છે. અન્ય જે વિસ્તારમાં લોકોના મોત થયા છે તેમાં બલિયામાં ચાર, અલ્હાબાદમાં ત્રણ, મિરજાપુરમાં ત્રણ, સોનભદ્રમાં ત્રણ, ગાજીપુર, બારાબંકી, ચંદોઈ અને અજમગઢ જિલ્લામાં ત્રણ-ત્રણ લોકોના મોત થયા છે. મઉ જિલ્લામાં એકનું મોત થયું છે. હવામાન વિભાગે કહ્યું છે કે સ્થિતિમાં આનંશિક સુધારો થઈ શકે છે. પંજાબ, બિહાર, દિલ્હી, રાજસ્થાન, હિમાચલ પ્રદેશ, જમ્મુ કાશ્મીરમાં પણ લોકો તીવ્ર ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. મોટાભાગના વિસ્તારોમાં તાપમાનમાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. આ તમામ રાજ્યમાં જુદા જુદા ભાગોમાં તાપમાન એકથી લઈને પાંચ ડિગ્રી વચ્ચે નીચે પહોંચી ગયું છે. હજુ ઠંડીનું મોજું યથાવત્ રહે તેવી શક્યતા દેખાઈ રહી છે. જમ્મુ કાશ્મીર અને હિમાચલ પ્રદેશના ઊંચાણવારા વિસ્તારોમાં હિમવર્ષા થઈ છે જેથી તાપમાનમાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. બંને રાજ્યોના ઘણા ભાગોમાં તાપમાન હજુ પણ માઈનસમાં છે. હવામાન ખાતાએ આગાહી કરી છે કે જમ્મુ કાશ્મીર અને હિમાચલમાં ભારે હિમવર્ષા થઈ શકે છે. લઘુત્તમ તાપમાન પૂર્વીય ભારતમાં બેથી ત્રણ ડિગ્રી સુધી ઘટી ગયું છે. રાજસ્થાનના મોટાભાગના વિસ્તારોમાં તાપમાન ત્રણથી સાત ડિગ્રી વચ્ચે નોંધાયું છે. માઉન્ટ આબુ, અજમેર, જયપુર, સવાઈ માધોપુરમાં તાપમાનમાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે.

સમાચાર ઝલક

- **ટાટા ગ્રુપના ચેરમેન રતન તાતા આજથી નિવૃત્ત.**
- **આધાર વગર પી.એફ.ની રકમ નહિ મળે.**
- **ગુજરાતમાં સૌથી વધુ એડવાન્સ ટેક્સ પ્રાપ્ત થયો.**
- **જિલ્લા પંચાયતોના બિનખેતીની મંજૂરી પર અંકુશ મુકાશે.**
- **દૂધવા (બનાસકાંઠા)ની સ્ટેટ બેંક શાખામાં ચોરીનો પ્રયાસ.**
- **દેશભરમાં સૌથી વધુ ભાડું ચુકવતો વસ્ત્રાપુરનો મોલ.**
- **ચીનના વુહન શહેરમાં બેબુટીંગ કમ્યુનિટીના સમારંભમાં ૮૧૪૬ જાતની વાનગીઓ પીરસવામાં આવી હતી, ગિનીઝ બુક ઓફ રેકોર્ડમાં નામ નોંધાયેલ છે.**
- **કડીના ખેડૂતેઓ ૮૦૦ ટન ટામેટા રસ્તા પર ફેંકી દીધા. કિલોનો ભાવ એક રૂપિયો હોવાથી ખેડૂતો ગુસ્સામાં.**
- **નવા વર્ષની ઉજવણી માટે કાશ્મીર હોટ ફેવરીટ.**
- **મધ્યપ્રદેશમાં જૈનસમાજની યુવતીઓને જીન્સ-ટોપ પહેરવા પર સ્વૈચ્છિક પ્રતિબંધ.**
- **સૂરત ગેંગરેપ કરનાર ૭ નરાધનોને ખોખરા કરતી પોલીસ.**
- **બિહાર સૌથી ઝડપથી આગળ વધતું રાજ્ય.**
- **રૂા. ૭૫ લાખની લાંચ કેસમાં વડોદરાના સિંચાઇ ખાતાના બે ઇજનેરો સંકજામાં.**
- **૩૧મીથી ઠંડીનો રાઉન્ડ શરૂ થશે, તાપમાનમાં ત્રણ થી ચાર ડીગ્રી ઘટાડો થશે.**
- **ગાંધીનગરમાં ફાળવાયેલ પ્લોટના વેચાણ માટે સંસદસભ્યો તથા ધારાસભ્યોને હાઇકોર્ટની મનાઇ.**
- **દિલ્હી નહીં, દેશ બન્યો રેપ કેપિટલ, ૨૪૨૦૬ બળાત્કારના કેસ નોંધાયા છે.**
- **સૂરતમાં ૩૦ સ્થળે આવકવેરાના દરોડા પડતાં ફફડાટ.**

ગેંગ રેપના અપરાધીઓને વહેલી તકે સજા : સોનિયા

નવી દિલ્હી, તા.૨૮

વડાપ્રધાન મનમોહનસિંહ અને કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ આજે ફરી એકવાર ખાતરી આપી હતી કે દિલ્હીમાં યુવતી સાથે ગેંગ રેપ માટે જવાદાર લોકોને વહેલીતકે સજા કરવામાં આવશે. બીજીબાજુ યુવતીની હાલત સિંગાપોરમાં ચિંતાજનક બનેલી છે.

સોનિયા ગાંધીએ કોંગ્રેસના સ્થાપના દિવસે આયોજિત પાર્ટીવેળા પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યુ હતુ કે આ યુવતી વહેલી તકે સ્વસ્થ થઈને પરત ફરે તેવી અમારી ઈચ્છા છે. આ ઘટના માટે જવાબદાર લોકોને વહેલી તકે દંડ આપવામાં આવશે. ગેંગ રેપનો શિકાર બનેલી યુવતી અંગે સોનિયા ગાંધીએ આ પ્રથમ સાર્વજનિક નિવેદન હતુ. બીજી બાજુ વડાપ્રધાને પણ કહ્યુ હતુ કે સિંગાપોરની હોસ્પિટલમાં તેને સર્વશ્રેષ્ઠ તબીબી સુવિધા આપવામાં આવી રહી છે. દોષિતોને સજા કરવાની કટિબદ્ધતા પણ દોહરાવી હતી. સિંહે કહ્યુ હતુ કે દોષિતોને વહેલી તકે સજા કરીને લોકોની નારાજગીને દૂર કરવાના પ્રયાસ કરાશે. ગેંગ રેપનો શિકાર થયેલી યુવતીને વધુ સારી તબીબી સારવાર માટે સિંગાપોર મોકલી છે.

ગેંગ રેપ શિકાર યુવતી હજુ પણ જીવનમરણ વચ્ચે

નવી દિલ્હી, તા.૨૮

બળાત્કારનો શિકાર થયેલી ૨૩ વર્ષિય યુવતી હજુ પણ જીવનમરણ વચ્ચે છે અને તેની હાલત ગંભીર બનેલી છે. હોસ્પિટલે વિગત આપતા કહ્યુ છે કે તેના બ્રેઈનમાં પણ ઈજા થઈ છે જેથી તેની તબિયત વધારે ખરાબ થઈ છે. આજે હોસ્પિટલે નિવેદન જારી કરીને કહ્યુ હતુ કે બ્રેઈનમાં ઈજા, ફેફસામાં ઈન્ફેક્શન અને પેટમાં ઈન્ફેક્શનના પરિણમ સ્વરૂપે તેની સ્થિતિમાં ઉલ્લેખનીય સુધારો તરત થઈ રહ્યો નથી. માઉન્ટ એલિજાબેથ હોસ્પિટલમાં તે જીવન માટે લડી રહી છે. તેની હાલત ગંભીર બનેલી છે. માઉન્ટ એલિજાબેથ હોસ્પિટલના મુખ્ય કારોબારી અધિકારી કેલ્વિન લોહનું કહેવું છે કે અમારી મેડિકલ ટીમ તેને બચાવી લેવા બનતા તમામ પ્રયાસ કરી રહી છે. તેના ફેફસા અને પેટમાં ઈન્ફેક્શનની પણ અસર થયેલી છે. બ્રેઈનમાં પણ ઈજા થયેલી છે.

નિવેદનમાં લોહનું કહેવું છે કે આ યુવતી સાહસી અને કટિબદ્ધ હોવાના કારણે જીવન માટે લડી રહી છે. લોહનું કહેવું છે કે ૨૮મી ડિસેમ્બરે સવારે ૮.૩૦ વાગ્યે દરદીની હાલત ગંભીર બનેલી હતી. તબીબોનું કહેવું છે કે આ યુવતી પર નિર્દયરીતે હુમલો પણ કરવામાં આવ્યો છે. દિલ્હીમાં સફદરજંદ હોસ્પિટલમાં ત્રણ સર્જરી પણ કરવામાં આવી ચુકી છે. તબીબોએ સારવારના ભાગરૂપે તેના આંતરડા પૈકી કેટલાક નુકસાનગ્રસ્ત આંતરડાને દૂર કર્યા છે. સ્પેશિયાલિસ્ટ તબીબોની ટીમ ભારે જહેમત ઉઠાવી રહી છે. સુરક્ષા પણ મજબુત રાખવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ભોગ બનેલી યુવતીની સાથે તેના પિતા પણ ગયા છે. તેમનું કહેવું છે કે તેની પુત્રી માટે સર્વશ્રેષ્ઠ સુવિધા અને સારવારના પ્રયાસ થઈ રહ્યા છે. યુવતીના પરિવારના સભ્યો અંગ્રેજી ભાષા બોલી શકતા નથી જેથી હોસ્પિટલના સ્ટાફ સાથે વાતચીત કરવા માટે મધ્યસ્થીઓ પણ રાખવામાં આવ્યા છે. હાઈ કમિશન ઓફ ઈન્ડિયા દ્વારા પરિવાર સાથે એક અધિકારીને મુકી દીધો છે જે તબીબો સાથે વાતચીત કરીને પરિવારને સમજાવે છે.

ભીષણ અથડામણમાં બે આતંકવાદી ઠાર મરાયા

નવી દિલ્હી,તા. ૨૮

જમ્મુ કાશ્મીરના પૂલવામા જિલ્લામાં આજે સવારે આતંકવાદીઓ અને સુરક્ષાદળો વચ્ચે ભીષણ અથડામણ થઈ હતી. આ અથડામણમાં લશ્કરે તોયબાના બે ત્રાસવાદીઓ ઠાર થઈ ગયા હતા. આ બંને ત્રાસવાદીઓ જુલાઈ મહિનામાં ટ્યુરિસ્ટ કેબ પર કરવામાં આવેલા ગ્રેનેડ હુમલામાં સંડોવાયેલા હતા.

ત્રણ સુરક્ષા જવાનો પણ ઘાયલ ગયા હતા જેમાં બે સેનાના ઓફિસરો પણ સામેલ છે. પૂલવામાં જિલ્લામાં ભીષણ અથડામણ થઈ હતી આ બનાવમાં અન્ય સાત નાગરિકો ઘયાલ પણ થયા હતા. પોલીસ પ્રવક્તાએ માહિતી આપતા કહ્યું છે કે સુરક્ષાદળો અને છૂપાયેલા આતંકવાદીઓ વચ્ચે ચાંદગામ વિસ્તારમાં આ અથડામણ થઈ હતી.

સૂત્રોએ કહ્યું છે કે ગામમાં બે આતંકવાદીઓ છૂપાયેલા છે તે અંગે બાતમી મળ્યા બાદ આ સમગ્ર ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. બીજી બાજુ સુરક્ષાદળોનો દાવો છે કે આતંકવાદીઓની પ્રવૃત્તિ હવે લગભગ ખતમ થઈ ચૂકી છે.

સોનાના ઉત્પાદનમાં ચીન સતત છઠ્ઠી વાર પ્રથમ ક્રમે

બેજિંગ, તા.૨૮

ચીન આ વર્ષે સતત છઠ્ઠી વખત દુનિયાના સૌથી મોટા સોનાના ઉત્પાદક દેશ તરીકે ઊભરી આવ્યું છે. આ વર્ષના પ્રથમ દસ મહિનામાં ચીનમાં રેકોર્ડ ૩૨૩ ટન સોનાનું ઉત્પાદન થયું હતું. ચીનના સોના સાથે સંબંધિત સંસ્થા દ્વારા જે આંકડા જારી કરવામાં આવ્યા છે તે મુજબ ચીનમાં જાન્યુઆરીથી ઓક્ટોબરના ગાળા દરમિયાન ૩૨૩ ટન ઉત્પાદન થયું હતું જે ગયા વર્ષની આ જ અવધીની સરખામણીમાં ૧૧ ટકા વધારે છે. ચીને વર્ષ ૨૦૦૭માં દક્ષિણ આફ્રિકાને પાછળ છોડીને વિશ્વભરમાં સૌથી વધુ સોનાનું ઉત્પાદન કરનાર દેશ તરીકે બનવામાં સિદ્ધિ મેળવી હતી. ભારત બાદ ચીન સોનાના ઉપયોગના મામલામાં બીજા સ્થાન ઉપર છે. વર્ષ ૨૦૧૧માં ચીનમાં સોનાનો ઉપયોગ ૭૬૧ ટનની આસપાસ રહ્યું હતું. સોનાના મામલામાં ભારત પણ મોટા ઉત્પાદક દેશ તરીકે રહ્યું છે. સોનાની ઊંચી માંગ હોવા છતાં ભારત અને ચીનમાં સોનાના શોખીન લોકોની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે. ભારતમાં તહેવારોના અને લગ્નના ગાળામાં સોનાની માંગ એકાએક અનેકગણી વધી જાય છે. સિઝન વગર પણ સોનાન ઉપયોગ વધારે જોવા મળે છે. સોનામાં રોકાણ કરનાર લોકોની સંખ્યા પણ વધારે છે. આનુ કારણ એ છે કે અન્ય બજારો કરતા સોનાના રોકાણને વધુ સુરક્ષિત ગણવામાં આવે છે. ચીન છેલ્લા ઘણા વર્ષથી સોનાના ઉત્પાદનના મામલામાં ભારત કરતા પણ આગળ નીકળી ગયું છે. આગામી દિવસોમાં ચીન અને ભારત વચ્ચે સોનાના મામલે નવી સ્પર્ધા છેડાઈ જાય તેવી શક્યતા દેખાઈ રહી છે.રોકાણકારોને ખેંચવાના પ્રયાસો પણ થઈ રહ્યા છે.

કોર્પોરેટ દુનિયામાં એક મોટા યુગનો અંત : રતન તાતાએ જન્મ દિવસે સાયરસ મિસ્ત્રીને તાતા ગ્રુપની જવાબદારી આપી

મુંબઈ,તા. ૨૮

આઈકોનીક કોર્પોરેટ નેતા રતન તાતા આજે તાતા ગ્રુપના ચેરમેન તરીકે નિવૃત્ત થયા હતા. દેશમાં સૌથી જુના અને મોટા બિઝનેસ સામ્રાજ્ય પૈકીના એક એવા તાતા ગ્રુપના વડા તરીકે લાંબા ગાળા સુધી રહ્યા બાદ તેઓ આજે નિવૃત્ત થયા હતા. રતન તાતા આજે ૭૫ વર્ષના થયા હતા. તેમના જન્મદિવસની ઉજવણી પણ આજે કરવામાં આવી રહી છે. બોમ્બે હાઉસના સૂત્રોએ કહ્યુ હતુ કે તાતા પહેલાથી જ કરવામાં આવી ચુકી છે. આવતીકાલે શનિવારે તાતા ગ્રુપના વડા તરીકે સાયરસ મિસ્ત્રી મુખ્યરીતે જવાબદારી સંભાળી લેશે. તાતાએ વિધિવતરીતે તાતા ગ્રુપની જવાબદારી આજે સાયરસ મિસ્ત્રીને

સોંપી હતી. ગ્રુપે અગાઉ જાહેરાત કરી

સાયરસ મિસ્ત્રી પ્રોફાઈલ

નામ	:	સાયરસ પેલોનજી મિસ્ત્રી
જન્મ તારીખ	:	ચોથી જુલાઈ ૧૯૬૮
હાલની વય	:	૪૪ વર્ષ
ધર્મ	:	પારસી
શિક્ષણ	:	ઈમ્પેરિયર કોલેજ લંડન લંડન બિઝનેસ સ્કૂલ
પ્રોફેશન	:	તાતા ગ્રુપના ચેરમેન
પત્નિ	:	રોસીકા મિસ્ત્રી
બાળકો	:	બે
માતાપિતા	:	પેલોનજી મિસ્ત્રી-પેસ્ટી પેરિન

નિવૃત્ત થતા તમામ કર્મચારીઓ નિરાશ પણ દેખાઈ રહ્યા છે. બીજી બાજુ રતન તાતાની જગ્યાએ વડા તરીકે સાયરસ મિસ્ત્રીની નિમણૂંક હતી કે શનિવારથી મિસ્ત્રીની ચેરમેન તરીકે નિમણૂંક કરવામાં આવનાર છે. મિસ્ત્રી મહત્વપૂર્ણ દિવસે કામ કરવા જવા માટે તાતા મોટર્સની એન્ટ્રી લેવલની સેડાન ઈન્ડિગો મંજા કારમાં જશે. રતન તાતાની નિવૃત્તિની સાથે જ એક મોટા યુગનો અંત આવી ગયો છે. આજે દક્ષિણ મુંબઈના હેરિટેજ પોર્ટ વિસ્તારમાં સૌથી જુની ઈમારતો પૈકીની એક બોમ્બે હાઉસ તરફ દોરી જતા માર્ગો પર મીડિયાની ઉપસ્થિતિ સવારથી જ જોવા મળી હતી. રતન તાતાએ તેમના અંકલ અને આઈકોનીક જેઆરડી તાતા પાસેથી ૧૯૯૧માં જવાબદારી સંભાળી હતી. ત્યારબાદથી રતન તાતા તેમના સાહસી નિર્ણયોના કારણે આ કંપનીઓને એક નવી ઉંચાઈ પર લઈ ગયા હતા. મિસ્ત્રી ૨૦૦૬થી આ ગ્રુપ સાથે સંકળાયેલા છે. મિસ્ત્રી સાપુરજી પેલોનજી પરિવારના છે જે ગ્રુપની હોલ્ડિંગ કંપની તાતા સેન્સના સૌથી મોટા ખાનગી શેરધારક પૈકીના એક છે.

રતન તાતાના ગાળા દરમિયાન આ કંપનીના રેવેન્યુમાં અનેકગણો વધારો થયો હતો અને ૧૯૯૧માં ટર્નઓવર ૧૦૦૦૦ કરોડથી વધીને ૨૦૧૧-૧૨માં ૪૭૫૭૨૧ કરોડ સુધી પહોંચી ગયુ હતુ. તાતાએ એક એવા ગ્રુપનું નેતૃત્વ કર્યુ હતુ જે જુદા જુદા ક્ષેત્રોમાં નેટવર્ક ફેલાવવા સાથે સતત આગળ વધ્યુ હતુ.

સેન્સેક્સ ૧૨૧ પોઈન્ટ સુધરી નવી ઉંચી સપાટી પર પહોંચ્યો

મુંબઈ, તા. ૨૮

એશિયન બજારોમાં જામેલી તેજી અને જાન્યુઆરી માસથી શરૂ થયેલ એફએન્ડઓના પ્રારંભે ભારતીય શેરબજાર ઊંચા મથાળે બંધ રહ્યા હતા. અમેરિકાની નાણાંકીય ખાધનો ટૂંકમાં જ ઉકેલ આવી જવાથી રોકાણકારોમાં ઉભી થયેલી આશાને લીધે શેરબજારમાં લેવાલીનો માહોલ જામ્યો હતો. મુંબઈ શેરબજારના બીએસઈ સેન્સેટીવ ઈન્ડેક્સ ૧૨૧.૦૪ પોઈન્ટ વધીને ૧૯૪૪.૮૪ની સપાટીએ મજબૂત રહ્યો હતો. સેન્સેક્સના પગલે પગલે નેશનલ સ્ટોક એક્સચેન્જના નિફ્ટીમાં પણ ૩૮.૨૫ પોઈન્ટનો વધારો થતાં ૫૯૦૮.૩પની સપાટીએ બંધ રહ્યો હતો. હેવીવેઈટ શેરમાં જામેલી લેવાલીના પગલે ભારતીય શેરબજાર આજે ઊંચા મથાળે ખુલ્યા હતા. ક્ષેત્રીય ઈન્ડેક્સોમાં ઓઈલ ગેસ, પાવર, મેટલ, ઓટો, કન્ઝયુમર ડ્યુરેબલ, પીએસયુ, કેપીટલ ગુડ્ઝમાં તેજીનો માહોલ છવાયો હતો. જ્યારે હેલ્થકેર અને બેંકીંગ ઈન્ડેક્સમાં ઘટાડો નોંધાયો હતો. બીએસઈ-૩૦ સ્ક્રિપોમાં રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં ૩ ટકાનો વધારો થયો હતો.

હિન્દાલ્કો અને સ્ટરલાઈટ ઈન્ડસ્ટ્રીઝમાં અનુક્રમે ૧ અને ૨.૩ ટકાનો વધારો નોંધાયો હતો. એચડીએફસીમાં ૦.૬ ટકા, ઈન્ફોસીસ અને ડીસીએચમાં અંદાજે ૧ ટકાનો વધારો થયો હતો. ઓએનજીસીમાં ૨.૫, હીરો મોટોકોર્પમાં ૧.૩ અને મારૂતી સુઝુકીમાં ૧.૪ ટકાનો વધારો થયો હતો. જ્યારે સૌથી વધુ ૧ ટકાનો ઘટાડો સનફાર્મમાં થયો હતો. મહેન્દ્રા એન્ડ મહેન્દ્રામાં ૦.૭, ભારતી એરટેલમાં ૦.૧, એસબીઆઈમાં ૦.૫ ટકાનો ઘટાડો થયો હતો. મીડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્ષમાં ૦.૩ થી ૦.૮ ટકાનો વધારો થયો હતો. માર્કેટ બ્રેડથ હકારાત્મક રહી હતી. ૧૫૦૮ કંપનીના શેરની કિંમત વધી હતી. જ્યારે ૧૩૭૮ કંપનીના શેરની કિંમત ઘટી હતી. એશિયાના અન્ય બજારો પણ ઊંચી સપાટીએ બંધ રહ્યા હતા. ચીનનો શાંઘાઈ કોમ્પોઝીટ ૧.૨૪ ટકા વધી ૨૨૩૩, સિંગાપોરનો ૨.૩૨ ટાઈમ્સ ૦.૧૮ ટકા વધી ૩૧૮૫, હોંગકોંગનો હેંગસેંગ ૦.૨૧ ટકા વધી ૨૨૮૬૬ અને જાપાનનો ૨૨૫ નિક્કી ૦.૫ ટકા વધી ૮૯૯.૩૮ પર બંધ થયો હતો. બીજી બાજુ યુરોપીયન બજારો નીચા મથાળે ખુલ્યો હતો.

વ્યંગ હાસ્ય (પાના નં. ૪ નું ચાલુ)

ત્યાં વળી એક નિસાસા નાખતાં કરૂણ સ્વરે બોલ્યા.

'અરેરે! મેં દરેક મતદારોને આપણાં જ ગણ્યા હતા, ને તેમને જ દગો દીધો.' વળી પાછો ગીત લલકારે...

'એ હમારી બદનશીબી જો નહિ તો ઔર કયાં હે?'

કે ઉશી કે હો ગયો હમ જો ન હો શકા હમારા...'

પછી પોતાના ફાળીયાથી આંસુ લૂછતાં આગળ બોલે છે.

'જિંદગીમાં પહેલી વખત મારી ગણતરી ઊંધી પડી છે. ગણતરી ઊંધી પડવાના ઘણા કારણો છે. પણ મોટા-મોટા પક્ષો 'કેમ આપણી હાર થઈ' તેના કારણો શોધે. પણ મને કારણ શોધવામાં હવે કોણ મદદ કરાવે? મારા પીટ્યાઓ પે'લાતો ઉલ્લી-ઉલ્લીને આવતા'તા હવે મારા દીકરા દેખાતાય નથી. હવે હારના કારણો શોધીનેય શું કરૂં? જયાં ડીપોઝીટ જ જપ્ત થઈ ગઈ છે. હું એ સમજુ છું કે હવે રોવાનો અર્થ કોઈ નથી. છતાં વિતેલી ક્ષણો યાદ આવે છે અને રૂદન આવી જાય છે.'

'ભલા માણસ! આવું તારા એકનું નથી થયું... ઘણા લોકો તારા જેમ ભેંકડા માંડીને રોવે છે. ઘણાની પત્નીઓ એમના ગોરધનને આશ્વાસન આપે છે.' હું જયારે સાસરે આવી ત્યારે હું પણ આટલું નહોતી રડી, અને તમે ભાયડા જેવા ભાયડા થઈને કલ્પાંત કરો છો' અને પોતાના જ ગોરધનને ખોળામાં બેસાડી આંસુ લૂછી આપે છે.

ત્યાં વળી ફાંકડી મૂછોવાળા કાકા ઊભા થઈ કહે -

'આમ તો મારે ચૂંટણી લડવાની બીલકુલ ઈચ્છા નહોતી, પરંતુ પરદેશથી મારો એક મિત્ર આવ્યો અને એને મને હિંમત આપી. અને એટલે મેં ફોર્મ ભર્યું.'

'ભલા ભોળા ગધ્ધા!' કોઈ હિંમત આપે અને ચૂંટણી લડાય? પોતાનામાં તાકાત હોય તો જ ચૂંટણી લડાય. અમથું નથી કીધું, 'આપ સમાન બળ નહિ ને મેઘ સમાન જળ નહિ.'

'તું અત્યારે ડા'પણ કરેશ, ચૂંટણી પહેલાં તું ભસ્યો હોય તો હું ચૂંટણીનો ફોમ ભરેત જ નહિં.

'તું રાજકારણમાં પડ્યા પછી જ જુઠું બોલવા લાગ્યો. તારા બાપાએ કહ્યું કે ચૂંટણી લડવાનું તારૂ કામ નહિ.'

'મને એમ કે, સાઈઠે બુધ્ધિ નાઠે' એટલે મેં ધ્યાન ન આપ્યું.'

'હવે રહેવા દે! તારા ત્રણેય છોકરા-છોકરી જમાઈ પણ કહેતા હતા કે, 'પપ્પા, ચૂંટણી લડવી તે આપણું કામ નહીં. અમો તો વનેચંદના પક્ષમાં છીએ માટે ચૂંટણી લડવાનું માંડી વાળો.'

'મને એમ કે, આ યુવાનો ફાંકા જ ફેંકતા હોય છે. મેં તેની વાત પણ ન સાંભળી.'

'પણ તારી બૈરીએ પણ કહ્યું હતું કે 'ચૂંટણીનો ચાળો ન કરો તેનું પણ તે ન માન્યું. તારે તો ગાદી જોતી હતી... લે લઈ લે...'

'ના ભાઈ ના, મેં આજ સુધી મેં મારા બૈરાનું કીધું માન્યું છે. કોણ જાણે આ વખતે જ મેં મારા બૈરાનું ન માની થાપ ખાઈ ગયો.'

'સાંભળ, જે બૈરાનું કહ્યું ન માને, તે સદા દુઃખી થાય.'

'કોના બૈરાનું માનવું?'

'તને ગમ્મત સૂજે છે. પોત-પોતાનું બૈરાનું માનવું, ઠીક છે. ભલે ચૂંટણી તું લડ્યો પણ તને મત કેટલા મળ્યા તે તો કહે...'

'એક પણ મન ન મળ્યો... આવું કેમ?'

'મારા બાપા-બૈરૂ-મારા છોકરા જમાઈ તો સામે પક્ષે હતા.'

'પણ, તને તો તારો એક મત તો મળવો જોઈએ ને...'

'અરે ભાઈ! મારી કરમની કઠણાઈ કે જયારે હું મત આપવા ગયો ત્યારે મારાં નામની સામે બટન દબાવવાના બદલે બીજું બટન દબાઈ ગયું. મારો મત પણ એળે ગયો.'

'તને જે લોકોએ સલાહ આપી હતી તે સાચી જ હતી. તને જો બટન દબાવતાં ન આવડતું હોય તો તું ચૂંટાઈ તો પ્રજાને કેવી રીતે દબાવી રાખીશ?'

ત્યાં તો એક હારેલ ઉમેદવાર આવી રડવા જ લાગ્યો. ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો. છાનો જ ન રહે. કોઈએ ચૂંટણી ટાણે કપડાના પતાકડાનો ટુંકડો જે પડ્યો હતો તે લઈ તેના આંસુ લૂંછયા.

'ઠાલવ! તારે તારી વેદના તારી દશા તારી વ્યથા ઠાલવ.'

'મારી દસા કફોડી થઈ ગઈ છે. મારૂ એક ખેતર હતું તે ગીરવે મુક્યું... એ રૂપિયાથી મતદારોને જલસા કરાવ્યા. પૈસા ખૂટ્યા તો બેરીના દાગીના વેંચી માર્યા. ચૂંટણી નજીક આવતી ગઈ તેમ-તેમ પૈસાની વધુને વધુ જરૂર પડતી ગઈ. મારા છોકરાના ડોનેશન મારે રાખેલ રકમ પણ ચૂંટણીમાં લગાવી દીધી. ને ચૂંટણીના પરિણામો આવ્યા અને ભોપાળું નીકળ્યું.'

'અલ્યા ડફોળ! આવી ડફોળાઈ કરવાનું કોને કહ્યું હતું. તે તો અગન સાથે ખેલ ખેલ્યો.'

'મારા બાપલા હંધાઈ કહેતા હતા કે આ વખતે એકેય પક્ષને બહુમતી મળવાની નથી. તેથી જે અપક્ષો ચૂંટાઈ આવશે તેની કિંમત કરોડોમાં હશે.' કરોડો રૂપિયા ખંખેરવા જતા બાજી ઊંધી પડી અને હું પણ ઊંધો થઈ ગયો. છાપાવાળા, બેનરવાળા, ચોપાનીયાવાળા, મંડપવાળા અને ચા-પાણીવાળા ઊઘરાણી માટે આંટા મારવા લાગ્યા છે. બધા એવું કહે છે કે 'તમોને સારા જાણીને અમોએ ઉધારી રાખી. ચૂંટણી ટાણે કોઈની આબરૂ અમે રાખતા જ નથી.' 'મેલે એઠેલે' હું આવા વાગ્બાણથી ઘવાઈ ગયો છું. ડીપોઝીટ પાછી આવી હોત તો કોઈની સામે હાથ લાંબો થાત. હવે શું કરવું કાંઈ ખબર પડતી નથી.'

'બસ! તારે એક જ ઉપાય છે. દેવાળું ફૂંક...'

'નારે ના - મારી આબરૂંનું શું? તારી આબરૂં કયાં હતી.'

ત્યાં એક ઉમેદવાર દિવેલ પીધેલ હોય એવા મોઢે આવ્યો.

'ભાઈ, મારૂં તો નાક કપાઈ ગયુ. મારી છોકરીને જોવા આવવાના હતા. પણ હવે તે જોવાય નહિ આવે. મને મારા જ મિત્રો કહે છે કે, એપ્રિલફુલ ડીપોઝીટ ડૂલ' હવે તો મારી છોકરીની ચિંતા થાય છે.'

'અલ્યા બાપલા, ધીરો થા ધીરો, તારી છોકરીને જે જોવા આવવાના હતા તે છોકરો અને તેનો બાપ પણ ચૂંટણી હારી ગયા છે. માટે ચિંતા ન કર બધા સમદખીયા છે. તો તારી છોકરીનું ગોઠવાઈ જશે.'

ત્યાં એક ડાહ્યો જણ બોલ્યો :

'હવે જે થવાનું હતું તે થઈ ગયું, હવે જયાં સોગન વિધિ થાય છે ત્યાં જઈને થોડો ભાર ઓછો કરીએ.'

'કેમ કરીને ભાર હળવો થાય? ત્યાં જવા માટે ભાડુંય રહ્યું નથી.'

'એરૂના દરમાં હાથ નાંખતા વિચાર નહોતો કર્યો કે અહિં ભોરીંગ સુતો છે. તમે બધાએ એમને એમ હાથ નાખી દીધાં!'

'હવે શું કરીએ?'

'મરો!'

'આ તો ડંખ એવો માર્યો છે કે હવે જીવાતુંય નથી અને મરાતું ય નથી. હવે તો આવતી ચૂંટણી સુધી ઝેરીલા શરીરે આમ તેમ ફરતાં જ રહેવું પડશે.'